ડાકોરમાં ગંભીર જળસંકટ, ટેન્કરો દોડાવવાની નોબત આવી, ચીફ ઓફિસરે પોલીસ મથકે અરજી કરી

ડાકોરમાં બે વિભાગોની અહમની લડાઈમાં મુખ્ય પાઈપલાઈન તૂટી

માર્ગ-મકાન વિભાગ અને પાલિકાના શીતયુદ્ધ વચ્ચે કોન્ટ્રાક્ટરે લાઈન તોડી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

ડાકોરમાં નગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગ વચ્ચે ચાલતી અહમની લડાઈ વચ્ચે પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈન તૂટી જતાં સમગ્ર શહેરમાં ગંભીર જળસંકટ સર્જાયું છે. તંત્ર દ્વારા હાલ ટેન્કરો મારફતે પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે, જેના કારણે નગરજનોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે.



સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોરમાં ગત ૨૯મી સપ્ટેમ્બરના રોજ માર્ગ-મકાન વિભાગના અધિકારી દ્વારા નગરપાલિકાને એક નોટિસ આપીને તેમના વિભાગની હદમાંથી પાઈપલાઈન તાત્કાલિક ખસેડવા જણાવાયું હતું. આ નોટિસ બાદ માર્ગ-મકાન વિભાગે ચીફ ઓફિસર પર મનમાની ચલાવવાનો આક્ષેપ કર્યો હતો, જેની સામે ચીફ ઓફિસરે પણ પોતાની રજૂઆતો ધ્યાને ન લેવાઈ હોવાનો વળતો આક્ષેપ કર્યો હતો.

આમ, બંને વિભાગોના અધિકારીઓના આ શીતયુદ્ધ વચ્ચે પુલનું ડ્રિલિંગ અને ખોદકામ કરી રહેલા કોન્ટ્રાક્ટર દ્વારા મુખ્ય પાઈપલાઈન તોડી પાડવામાં આવતાં હજારો લિટર પાણીનો વેડફાટ થયો હતો. નવી પાઈપલાઈન નાખવાનો અંદાજિત ખર્ચ રૂ. ૩ લાખ જેટલો થશે અને પાણી પુરવઠો પૂર્વવત થતાં હજુ સમય લાગશે. સમગ્ર મામલો ગરમાતાં નગરપાલિકાના ચીફ ઓફિસરે ડાકોર પોલીસ મથકમાં માર્ગ-મકાન વિભાગ વિરુદ્ધ કાર્યવાહી કરવા સાદી અરજી આપી છે. અધિકારીઓની આંતરિક લડાઈમાં સામાન્ય જનતા પીસાતાં સ્થાનિકોમાં ભારે રોષ ભભૂકી ઉઠ્યો છે.

નડિયાદમાં વૃદ્ધાના ગળામાંથી સોનાની કંઠી ચોરાઈ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

મહુધા તાલુકાના ફીણાવ ગામના મધુબેન નટવરભાઈ પટેલ નડિયાદની હોસ્પિટલમાંથી બીમાર ભાભીની ખબર કાઢીને પરત જવા માટે બસ સ્ટેશનના પ્લેટફોર્મ પર બસની રાહ જોઈ રહ્યા હતા. બસ આવતાં જ મુસાફરોની ભીડ વચ્ચે બસમાં ચડતી વખતે પાછળથી આવેલી બે અજાણી યુવતીઓએ સિફતપૂર્વક તેમના ગળામાંથી સોનાની તુલસીની કંઠી રૂ.50 હજારની ચોરી લીધી હતી. બાદમાં બંને યુવતી કંડક્ટર પાસે ખંભાત જવા અંગે ટિકિટની પૂછપરછ કરવાનો નાટક કરી રહી હતી અને ચોરી કર્યા બાદ તુરંત રફુચક્કર થઈ ગઈ હતી. આ મામલે મધુબેન પટેલે નડિયાદ ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી બંને યુવતીઓની શોધખોળ હાથ ધરી છે.

કપડવંજના રવદાવત ગામમાંથી ૧૦ ફૂટ લાંબો અજગર ચડી આવ્યો



કપડવંજ તાલુકાના પશ્ચિમે આવેલા વાત્રકકાંઠા વિસ્તારના રવદાવત ગામમાંથી આશરે ૧૦ ફૂટ લાંબો અજગર મળી આવતાં ગ્રામજનોમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ વિસ્તાર જંગલની નજીક આવેલો હોવાથી અવારનવાર વન્ય પ્રાણીઓ, અજગર અને ઝેરી સાપ ગામમાં ઘૂસી જવાના બનાવો બનતા રહે છે. ગામના યુવાનો બકુલભાઈ ભીમસિંહ રાઠોડ અને કિરીટભાઈ કાળુભાઈ રાઠોડે તાત્કાલિક કામગીરી હાથ ધરીને અજગરને સફળતાપૂર્વક રેસ્ક્યુ કર્યો હતો અને અજગરને વાત્રક નદી કિનારે આવેલા વાઘાવતના ગાઢ જંગલમાં સુરક્ષિત રીતે છોડી દેવાતાં, યુવાનોની આ નિઃશુલ્ક સેવા બદલ ગ્રામજનોએ તેમની પ્રશંસા કરી આભાર વ્યક્ત કર્યો હતો. **તસવીર : હરિશ જોષી**

કાસોરના જેટકો સબ સ્ટેશનની પાકી દીવાલની ફેન્સિંગ તોડી તસ્કરો ત્રાટક્યા

સોજીત્રાના કાસોરમાં ૧૩.૮૬ લાખના સ્ક્રેપ કંડક્ટરની ચોરી

તસ્કરો ૯,૯૨૦ કિગ્રા. એલ્યુમિનિયમ સ્ક્રેપ ચોરી ફરાર

(પ્રતિનિધિ) સોજીત્રા તા.૧૧

સોજીત્રા તાલુકાના કાસોર ગામે આવેલા જેટકોના ૪૦૦ કેવી સબ સ્ટેશનમાં કમ્પાઉન્ડ દીવાલ પરની લોખંડની ફેન્સિંગ તોડી અજાણ્યા તસ્કરો સ્વિચ યાર્ડમાંથી રૂ. ૧૩.૮૬ લાખની કિંમતનો આશરે ૯,૯૨૦ કિલોગ્રામ એલ્યુમિનિયમ સ્ક્રેપ કંડક્ટર ચોરી જતાં ચકચાર મચી ગઈ છે. આ ચોરી અંગે સબ સ્ટેશનના એક્ઝિક્યુટિવ એન્જિનિયરે સોજીત્રા પોલીસ મથકે અજાણ્યા તસ્કરો સામે ફરિયાદ નોંધાવી છે.

સોજીત્રા તાલુકાના કાસોર ગામે આવેલા જેટકોના ૪૦૦ કેવી સબ સ્ટેશનમાં ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૬ની રાત્રિના અઢી વાગ્યાના સુમારે તસ્કરોએ પાકી કમ્પાઉન્ડ દીવાલ પર લગાવેલી લોખંડના તારની ફેન્સિંગ તોડીને અંદર પ્રવેશ કર્યો હતો. આ સબ સ્ટેશનમાં ૨૨૦ કેવી કાસોર-ધુવારણ વીજ લાઈન બદલ્યા બાદ નીકળેલા એલ્યુમિનિયમ (ACSR-ઝીબ્રા) સ્ક્રેપ કંડક્ટરના ૩૦ જેટલા બંચ મેઈન રોડ એન્ટ્રન્સ પાસે સ્વિચ યાર્ડ નજીક રાખવામાં આવ્યા હતા. તેમાંથી તસ્કરો ૯,૯૨૦ કિલોગ્રામ વજન ધરાવતા ૯ નંગ બંચ (સરકારી ધારાધોરણ મુજબ કિંમત રૂ. ૧૩,૮૬,૦૦૦) ચોરીને પલાયન થઈ ગયા હતા.

અલબત્ત, સ્વિચ યાર્ડ નજીક શંકાસ્પદ ચહલપહલ થતાં સિક્યોરિટી ગાર્ડ સતર્ક થઈ ગયા હતા અને ચોરી થતી જોઈ બૂમો પાડવા લાગ્યા હતા. સિક્યોરિટી ગાર્ડની સતર્કતાને કારણે તસ્કરો ભાગી છૂટ્યા હતા, પરંતુ બાદમાં માલસામાનના બંચની ગણતરી અને વજનની ચકાસણી કરતા ચોરી થઈ હોવાનું સ્પષ્ટ થયું હતું.

આણંદ ખાતે રહેતા અને કાસોર સબ સ્ટેશનમાં એક્ઝિક્યુટિવ એન્જિનિયર તરીકે ફરજ બજાવતા રાજેશભાઈ લાધાણીની ફરિયાદના આધારે સોજીત્રા પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સંતરામપુરમાં ₹૨.૨૦ લાખના દાગીના ચોરાયાં

તિજોરીમાંથી ચાવી મેળવી તસ્કરોએ કિંમતી ઘરેણાં તફડાવ્યા

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૧૧

સંતરામપુર તાલુકાના બાવાના સાલીયા ગામમાં તસ્કરોએ બંધ મકાનની તિજોરીના પર્સમાંથી ચાવી શોધી, કોઠારમાં રાખેલા અનાજના પીપળાનું તાળું ખોલીને કુલ રૂ. ૨.૨૦ લાખની મત્તાના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી પલાયન થઈ ગયા છે.

સંતરામપુરના બાવાના સાલીયા ગામના ડેરી ફળિયામાં રહેતા સવિતાબેન છત્રાભાઈ ખાંટે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેમણે પોતાના પરિવારના કિંમતી ઘરેણાં કોઠારના ભાગે આવેલા અનાજના પીપળામાં સુરક્ષિત મૂકી તાળું માર્યું હતું. તાળું માર્યા બાદ તેની ચાવી ઘરની તિજોરીમાં પોતાના પર્સમાં રાખી હતી. ગત ૧૮મી મે, ૨૦૨૬ના રોજ એક લગ્નપ્રસંગમાં જવા માટે દાગીના પહેરવાની જરૂરિયાત ઊભી થતાં તેમણે પીપળું ખોલીને તપાસ કરી ત્યારે અંદર મૂકેલા કિંમતી ઘરેણાં ગાયબ જણાયા હતા.

આ અંગે તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે કોઈ અજાણ્યા તસ્કરે તિજોરીમાંથી ચાવી મેળવી પીપળાનું તાળું ખોલી ચોરીને અંજામ આપ્યો હતો. ચોરી થયેલા ઘરેણાંમાં ૪ તોલાનો સોનાનો સેટ, ૩ તોલાનું મંગળસૂત્ર, દોઢ તોલાની સોનાની ચેઈન, સોનાનું લોકેટ, કાનની બુટ્ટી-શેર, ૩ સોનાની વીંટીઓ અને ચાંદીની ૭ લકી મળી કુલ અંદાજે રૂ. ૨.૨૦ લાખના દાગીનાનો સમાવેશ થાય છે.

કપડવંજમાં ખેલૈયાઓ માટે ૨ કરોડનો વીમો અને બહેનો માટે અલગ વ્યવસ્થા

સમર્પણ યુવા સાંસ્કૃતિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક નવરાત્રિ મહોત્સવ માટે ભૂમિપૂજન સંપન્ન



(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૧

કપડવંજ શહેર અને તાલુકામાં ધામધૂમપૂર્વક ઉજવાનારા નવરાત્રિ પર્વ માટે કપડવંજ કોલેજ ગ્રાઉન્ડ ખાતે મા આદ્યશક્તિના પૂજન અને ભૂમિપૂજન બાદ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. સમર્પણ યુવા સાંસ્કૃતિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નિઃશુલ્ક નવરાત્રિ મહોત્સવ ઉજવવામાં આવશે. જેમાં બે કરોડનો વીમો ઉપરાંત બહેનો માટે અલગ ગરબા રાઉન્ડની વ્યવસ્થા કરવામાં આવી છે.

કપડવંજના સમર્પણ યુવા સાંસ્કૃતિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આયોજિત 'રૂમઝૂમ નવરાત્રિ-૨૦૨૬' આ વર્ષે ખેલૈયાઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બનશે. ખેલૈયાઓની સુરક્ષા અને સુવિધાને ધ્યાનમાં રાખીને આયોજકો દ્વારા આ વર્ષે ૨ કરોડનો વીમો લેવામાં આવ્યો છે. આ ઉપરાંત, મહિલા ખેલૈયાઓ અનુકૂળતાપૂર્વક ગરબા રમી શકે તે માટે ગ્રાઉન્ડના મુખ્ય સર્કલની અંદરની બાજુએ બહેનો માટે ખાસ અલગ રાઉન્ડ બનાવવામાં આવ્યાં છે.

ખાસ સુવિધાઓ ધરાવતા વિશાળ ગ્રાઉન્ડ પર આ નિઃશુલ્ક નવરાત્રિ મહોત્સવ સંસ્કૃતિ, પરંપરા અને ભક્તિનો ત્રિવેણી સંગમ બની રહેશે.

આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

નડિયાદ મનપા દ્વારા 'વિશ્વ દૃષ્ટિ દિવસ' નિમિત્તે બાળકો માટે નિઃશુલ્ક આંખ તપાસ અને ચશ્મા વિતરણ અભિયાન

નડિયાદ | નડિયાદ મહાનગરપાલિકા દ્વારા 'વિશ્વ દૃષ્ટિ દિવસ' પ્રસંગે બાળકોની આંખોની સંભાળ અને જાગૃતિ અર્થે વિશેષ આરોગ્ય અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમની ટીમ દ્વારા શાળાઓમાં ૦ થી ૧૮ વર્ષ સુધીના બાળકોની નિઃશુલ્ક આંખ તપાસ અને સ્ક્રીનિંગ કરવામાં આવ્યું હતું. તપાસ દરમિયાન દૃષ્ટિ સંબંધિત સમસ્યાઓ ધરાવતા બાળકોનું નિદાન કરી જરૂરિયાતમંદ બાળકોને નિઃશુલ્ક ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકોમાં દૃષ્ટિ સંબંધિત તકલીફોનું વહેલી તકે નિદાન થાય તે હેતુથી આરોગ્યલક્ષી સેવાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.



આણંદ કલેક્ટર કચેરી ખાતે માહિતી અધિકાર સપ્તાહની ઉજવણી કરવામાં આવી

આણંદ | ગુજરાત રાજ્ય માહિતી આયોગ દ્વારા ઉજવાઈ રહેલા માહિતી અધિકાર સપ્તાહ અંતર્ગત આણંદ કલેક્ટર કચેરી ખાતે માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ અંગે અધિકારીઓને ઝીણવટભરી માહિતી આપવા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો પ્રારંભ રાજ્ય માહિતી કમિશનર વી.આર. રાવલ અને કલેક્ટર પ્રવીણ ચૌધરી સહિતના અધિકારીઓએ દીપ પ્રાગટ્ય કરીને કર્યો હતો, જેમાં ખેડા અને મહિસાગર જિલ્લાના અધિકારીઓ વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. આ કાર્યક્રમમાં પીપીટી અને વિડીયોના માધ્યમથી આરટીઆઈની વિવિધ કલમો, માહિતી આપવાની રીત તથા અધિકારીઓની ફરજો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપી મુંઝવતા પ્રશ્નોની ચર્ચા કરાઈ હતી.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

એડીઆઈટી ખાતે એન્જિનિયરીંગ વિદ્યાર્થીઓ માટે આપત્તિ વ્યવસ્થાપન તાલીમ યોજાઈ



આણંદ | આણંદ જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન એકમ અને એડીઆઈટીના સંયુક્ત ઉપક્રમે એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટે આપત્તિ વ્યવસ્થાપન વિષય પર વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં જિલ્લા પ્રોજેક્ટ અધિકારી દ્વારા આપત્તિના વિવિધ પ્રકારો, અસરો અને વહીવટી માળખા વિશે સર્વગ્રાહી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને આપત્તિના સમયે સ્વ-બચાવ અને જન-બચાવની પાયાની કામગીરી તેમજ ટેકનિકલ વિદ્યાર્થી તરીકેની મહત્વની ભૂમિકા અંગે માહિતગાર કરવામાં આવ્યા હતા. વિશેષ સત્રમાં આગ જેવી આકસ્મિક પરિસ્થિતિમાં અગ્નિશામક સાધનોના વૈજ્ઞાનિક ઉપયોગ અને બચાવ કામગીરીનું જીવંત પ્રાયોગિક નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

કપડવંજ ખાતે વરિષ્ઠ નાગરિકો માટે ડિજિટલ સાક્ષરતા અને સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો

કપડવંજ | ગુજરાત સરકારના શિક્ષણ અને ગૃહ વિભાગના સંયુક્ત ઉપક્રમે "સેવા સંકલ્પ અભિયાન- સેવા મારુ યોગદાન-૨૦૨૬" અંતર્ગત ટાઉનહોલ ખાતે વરિષ્ઠ નાગરિકો માટે ડિજિટલ સાક્ષરતા અને સાયબર સુરક્ષા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ધારાસભ્ય રાજેશભાઈ ઝાલાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ પ્રસંગે તેમણે વડીલો સાથે આત્મીય સંવાદ સાધી આધુનિક ટેક્નોલોજીનો સાવચેતીપૂર્વક ઉપયોગ કરવા અને ડિજિટલ સશક્તિકરણ અંગે પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પોલીસ વિભાગ તથા બેંક અધિકારીઓ દ્વારા વીડિયો પ્રદર્શન મારફતે સાયબર છેતરપિંડી, ફ્રોડ કોલ, OTP અને બેન્કિંગ વિગતોની ગોપનીયતા જાળવવા અંગે ઉપયોગી જાણકારી આપવામાં આવી હતી.



કપડવંજમાં હનુમાન દાદા સેવા મંડળ ટ્રસ્ટ દ્વારા શ્રાદ્ધપક્ષ નિમિત્તે ભોજન યજ્ઞનું આયોજન

કપડવંજ | કપડવંજની સોનીની વાડી ખાતે સતત ૩૧ વર્ષથી ચાલતા શ્રાદ્ધપક્ષના સેવાયજ્ઞ અંતર્ગત તર્પણ બાદ દીપ પ્રાગટ્ય કરીને ભોજન યજ્ઞનો પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે નગરપ્રથમ સેજલબેન, ઉપપ્રમુખ સ્નેહાબેન ઓઝા, કા. ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ તથા પ્રિન્સિપાલ વિષ્ણુકાંતભાઈ ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ આયોજન હેઠળ ૬૫ બ્રાહ્મણ ટિફિન, ૬૦ વૃદ્ધ ટિફિન, ૭ સરકારી શાળાઓ અને ૧૫ આંગણવાડીના બાળકો મળી કુલ ૧૨૨૫ લોકોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો. આ ઉપરાંત સ્મશાનમાં કપિરાજ ભોજન કરાવાયું હતું અને ટ્રસ્ટના સભ્યો તેમજ સેવાભાવીઓએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.




એનએસ પટેલ આર્ટ્સ કોલેજની ભાઈઓ-બહેનોની ટીમ બાસ્કેટબોલમાં ચેમ્પિયન બની

આણંદ | સરદાર પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત એન. એસ. પટેલ આર્ટ્સ કોલેજ (ઓટોનોમસ) ના વિદ્યાર્થીઓએ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા આયોજિત બાસ્કેટબોલ સ્પર્ધામાં ચેમ્પિયન બની કોલેજનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં કોલેજની બહેનોની અને ભાઈઓની એમ બંને ટીમો ચેમ્પિયન બનીને ઉત્કૃષ્ટ સફળતા મેળવી છે. આ સફળતા બદલ ટ્રસ્ટના મંત્રી ડો. ભીખુભાઈ પટેલ, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી અન્વેષભાઈ પટેલ તથા આચાર્ય પ્રો. પ્રશાંત પટેલે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે. ફિજિકલ ડાયરેક્ટર ડો. હરેન્દ્રસિંહ સોલંકી અને સમગ્ર કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.



નારના ગોકુલધામ કેમ્પસના 5 ખેલાડીઓ નેશનલ ૨૩બી સ્પર્ધામાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે

આણંદ | ગોકુલધામ ઇન્ટરનેશનલ કેમ્પસ, નારના પાંચ પ્રતિભાશાળી ૨૩બી ખેલાડીઓની નવી દિલ્હી ખાતે યોજાનારી નેશનલ કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ છે. આ ટીમમાં દેવેશ ભુડિયા અને નેન્સી પટેલ (અંડર-17) તેમજ નુંગશિતોઇબા, સુંદર શર્મા અને રિયા વણકર (અંડર-14)નો સમાવેશ થાય છે. તમામ ખેલાડીઓએ અગાઉ જિલ્લા તથા રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને રાષ્ટ્રીય સ્તરે સ્થાન મેળવ્યું છે. આ સિદ્ધિ બદલ સંસ્થાના સ્વપ્નદ્રષ્ટા પ.પૂજ્ય શુકદેવપ્રસાદદાસજી સ્વામી, આચાર્ય અને કોચ પીન્કલ શીરોયાએ ખેલાડીઓને આશીર્વાદ તથા શુભેચ્છાઓ પાઠવી છે.



વસો કૃષિ મહાવિદ્યાલય દ્વારા હાથનોલી ગામે 'પ્રાકૃતિક ખેતી જાગૃતિ પદયાત્રા' યોજાઈ

નડિયાદ | આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની કૃષિ મહાવિદ્યાલય, વસો દ્વારા નડિયાદના હાથનોલી ગામે 'આપણું ગામ, પ્રાકૃતિક ગામ' અભિયાન અંતર્ગત જાગૃતિ પદયાત્રા યોજાઈ હતી. આચાર્ય ડો. ડી. એ. પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ પદયાત્રામાં ૫૮ વિદ્યાર્થીઓ, ૫ અધ્યાપકો અને ગામના ખેડૂતો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. વિદ્યાર્થીઓએ 'પ્રાકૃતિક ખેતી અપનાવો, જમીનની તંદુરસ્તી બચાવો' ના નારા સાથે રાસાયણિક ખાતરોની વિપરીત અસરો વિશે ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. ગામના અગ્રણીઓ અને ખેડૂતોએ વિદ્યાર્થીઓના આ પ્રયાસને આવકારી ભવિષ્યમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓ અપનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.


આણંદની આઈ.જે.પટેલ બી.એડ. કોલેજમાં એન્ટી-રેગિંગ જાગૃતિ અર્થે પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ



આણંદ | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત આઈ.જે.પટેલ બી.એડ. કોલેજ ખાતે એન્ટી-રેગિંગ સેલ દ્વારા વિદ્યાર્થીઓમાં સભાનતા લાવવાના ઉદ્દેશથી વિશેષ પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને દક્ષા રાઠવા પ્રથમ, ગાયત્રી યાદવ દ્વિતીય તથા ધર્મિષ્ઠા ખાંટ તૃતીય ક્રમે વિજેતા બન્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના કાર્યકારી આચાર્ય યજ્ઞેશ પુરોહિતે પ્રેરણાદાયી સલાહ-સૂચનો આપ્યા હતા. સંસ્થાના મંત્રી કેતનભાઈ પટેલે કાર્યક્રમની સફળતા બદલ શુભકામના પાઠવી હતી.

બાલાસિનોર બસ સ્ટેશન ખાતે 'સશક્ત ગુજરાત સખી હાટ' પ્રદર્શન ખુલ્લું મુકાયું

બાલાસિનોર | ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની લિ. અને ગ્રામ વિકાસ વિભાગના સહયોગથી નવરાત્રિના પ્રથમ દિવસે મહિલા સશક્તિકરણ અર્થે સખી બહેનોની કલા અને સર્જનના પ્રદર્શનનો પ્રારંભ થયો હતો. બાલાસિનોર બસ સ્ટેશન ખાતે યોજાયેલા ગ્રામહાટનું બક્ષીપંચ મોરચા મહામંત્રી કેતનસિંહ ઝાલાના હસ્તે શ્રીફળ વધેરીને ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ભાજપ ઉપપ્રમુખ જયાબેન ઠાકોર અને તાલુકા પંચાયત અધિકારી અવનીબેન તાવિયારના હસ્તે રિબિન કાપીને પ્રદર્શનને વિધિવત ખુલ્લું મુકાયું હતું. આ કાર્યક્રમમાં વિવિધ ગામોની મહિલાઓ જોડાઈ હતી અને તેમના દ્વારા હાથથી બનાવેલી વસ્તુઓની જાહેરાત તથા વેચાણ શરૂ કરવામાં આવ્યું હતું.



કપડવંજના પુનાદરા મોનસુન ગ્રામીણ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઇનલમાં પુનાદરા ટીમ વિજેતા

કપડવંજ | પુનાદરા ગામ ખાતે ૩૨ ગામોની ટીમો વચ્ચે આયોજિત મોનસુન ગ્રામીણ ક્રિકેટ ટુર્નામેન્ટની રોમાંચક ફાઇનલમાં પુનાદરા લાયન્સ ઇલેવને દેવ મુવાડાની વિજય ઇલેવન ટીમને ૯ રને હરાવી ચેમ્પિયનશિપ હાંસલ કરી હતી. જેમાં જયદિપસિંહ ઝાલાની જોરદાર બોલિંગે ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ફાઇનલ વિજેતા પુનાદરા ટીમને આતરસુંબાના ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પરીખ તરફથી ₹૧ લાખ અને રનર્સ અપ ટીમને ₹૨૧,૦૦૦નું રોકડ ઇનામ આપી પુરસ્કૃત કરાયા હતા. આ પ્રસંગે વિવિધ શ્રેષ્ઠ ખેલાડીઓને એવોર્ડ એનાયત કરાયા હતા તેમજ ભારતીય વાયુ સેનામાંથી નિવૃત્ત થયેલા ધર્મેન્દ્રસિંહ ઝાલાનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

